# હિંમતનગરમાં જુગારના અડ્ડા ફરીથી ધમધમી ઉઠ્યા

## પોલીસની રહેમ નજર કે સંચાલકની પહોંચ : પ્રજામાં પૂછાતો અણીયારો સવાલ

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર શહેરમાં કેટલાક તત્વોને કાયદો કે પોલીસ તંત્રની બીક ન હોય તેમ તેઓ મન ફાવે ત્યારે ગોરખધંધા શરૂ કરીને કેટલાક લોકોને અવળા રવાડે ચઢાવી રહ્યા હોવા છતાં પોલીસ અને વહીવટીતંત્રની રહેમ નજર હોવાથી પ્રજાને મુકપ્રેક્ષક બનીને જોયા કરવુ પડે છે.

થોડા સમય અગાઉ હિંમતનગરમાં ચાલતા જુગારના અડ્ડાઓ પર પોલીસે ઘોંસ બોલાવી હોવાને કારણે અડ્ડાઓના સંચાલકોની બોલતી બંધ થઈ ગઈ હતી પરંતુ તેમાં સ્થાનિક પોલીસને ગમતુ ન હોવા છતાં ઉચ્ચકક્ષાએથી કડક કાર્યવાહી કરવાની સુચનાને લીધે સ્થાનિક પોલીસે પરાણે જુગારના અડ્ડાઓના સંચાલકો પાસે જઈ બાપડા અને બીચારા બનીને નોકરી બચાવવા માટે અડ્ડા બંધ કરવા આજીજી કરવી પડી હતી.

બીજી તરફ છેલ્લા કેટલાક દિવસથી હિંમતનગરમાં જુગારના અડ્ડા ફરીથી ચાલુ થઈ ગયા છે. આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના રેલવે ઓવરબ્રીજ નીચે, મોતીપુરા તરફના છેડા નજીક ફરીથી દેશી દારૂની પોટલીઓ, ચરસ અને ખુલ્લેઆમ જુગાર ધામ ધમધમી રહ્યુ છે. જેના કારણે ઓવરબ્રીજ પરના ટ્રાફીક કરતા ઓવરબ્રીજની નીચે જનારાઓની સંખ્યા ખુબજ વધી ગઈ હોવાનું લોકોનું કહેવુ છે. આમ પ્રજા તો એટલે સુધી કહે છે કે હિંમતનગરના આ જુગારના સંચાલક સ્થાનીક પોલીસને ગાંઠતા નથી તેમણે તો ઉચ્ચકક્ષાએથી કાયદેસરનો પરવાનો મળ્યો હોય તેવુ વર્તન કરતા હોવાનુ ચર્ચાય છે.

આ ઉપરાંત હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં આવેલ સ્પોર્ટસ સંકુલની સામેની બાજુ થઈને બાયપાસ રોડ પર જવાતા રસ્તા પર એક સ્થળે જુગાર ધામ ધમધમી રહ્યુ છે. તે ખુદ વહીવટીતંત્ર અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ જાણતા હોવા છતાં તેને બંધ કરાવવાની હિંમત કરતા નથી. પોલીસ તંત્રની રહેમ નજર હોય તો જ જુગારધામ ચાલુ રહે તેવુ આમ પ્રજામાં ખુલ્લેઆમ ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે જિલ્લામાં બદલી થઈને આવેલા પોલીસવડાએ તેમની પ્રમાણીકતાની છબી ખરડાય નહી તેની કાળજી રાખીને હિંમતનગમરાં ચાલતા આવા દુષણો સામે સખ્ત કાર્યવાહી કરવી જોઈએ તેમ પ્રજા ઈચ્છી રહી છે.




ધનસુરામા ભાજપ કાર્યાલયનો પ્રારંભ કરાયો મોડાસા - ધનસુરા વિધાનસભા સીટ પર ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમારના હસ્તે ધનસુરામા ભાજપ કાર્યાલયનો પ્રારંભ કરાયો હતો જેમા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલતાબેનજી પટેલ, ધનસુરાના સરપંચ યશવંત ભાઈ પટેલ, યુવા કાર્યકર હિરેનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ યુથ કોંગ્રેસ દ્વારા પાદરડી ગામે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના પાદરડી ગામે કાંકરેજ યુથ કોંગ્રેસના પ્રમુખ ભરતજી લેબુજી ઠાકોર દ્વારા કોંગ્રેસ કાર્યકરો, પદાધિકારીઓનું સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાંકરેજ ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરા, દિનેશ ઠક્કર (પ્રમુખ કાંકરેજ તાલુકા કોંગ્રેસ), અમરતજી ઠાકોર (કોંગ્રેસ અગ્રણી), ભુપતાજી ઠાકોર, કેતુભા વાઘેલા, કાનજી સોલંકી (કંબોઈ) લેબુજી ઠાકોર સહિત કોંગ્રેસના મોટી સંખ્યામાં જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં




રિટાયર્ડ પીએસઆઈ બી.સી. ઠાકોર દ્વારા ધારસીભાઈને હવે તમો પડતુ મુકો અને નવા ઉમેદવારને મુકો શબ્દનો ઉપયોગ કરાતા મામલો ગરમાયો હતો. જો કે કાંકરેજ ધારાસભ્ય ધારસીભાઈએ તમામ નિર્ણયો દિલ્હી હાઈ કમાન્ડ કરશે તે માન્ય રાખશે જેથી કરી અમરતજી ઠાકોર તથા લેબુજી ઠાકોરે લોકોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

# ડીસામાં ઓવરબ્રિજની માંગણીને ન્યાય અપાવવાની હરિભાઈ ચૌધરીની ખાતરી : શુક્રવારની મૌન રેલી મોકૂફ

ડીસા,

બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક એવા ડીસા ખાતે હાઈ વે રોડ પર સર્જાતી ટ્રાફિક જામની સમસ્યા તેમજ અકસ્માતોની રોજિંદી ઘટનાઓથી અકલાયેલા નગરજનોએ હાઈવે પર ઓવરબ્રિજ બાંધવાની માંગણીના સમર્થનમાં ખૂબ જ આક્રમક અભિગમ અપનાવી આવતીકાલ શુક્રવારે ધંધા રોજગાર બંધ રાખી વિશાલ મૌન રેલી યોજી નાયબ કલેકટરને આવેદનપત્ર આપવા સાથે જરૂર પડ્યે ચૂંટણીનો પણ બહિષ્કાર કરવાનો આકરો નિર્ણય કર્યો હતો. જોકે નગરજનોનો આવો લદાયક અભિગમ રંગ લાવ્યો છે અને ભારત સરકારના મંત્રી હરિભાઈ ચૌધરીએ આજે ડીસા દોડી આવી ડીસાવાસીઓની આ ન્યાયી માંગણીને ચૂંટણી બાદ પૂરો ન્યાય અપાવવાની જાહેરમાં બાંહેધરી આપતા મામલો શાંત પડ્યો છે. મંત્રી હરિભાઈ ચૌધરીની આ ખાત્રીના પગલે ડીસા શહેર ઓવરબ્રિજ સંઘર્ષ સમિતિએ પણ આવતીકાલે શુક્રવારે ડીસા ખાતે યોજાનાર મૌન રેલી સહિતના વિરોધ પ્રદર્શન સ્થગિત રાખવાની જાહેરાત કરી છે. ડીસાના નગરજનોનો ઓવરબ્રિજ માટે આક્રમક બની ગયા હોવાના અહેવાલોને પગલે આજે સાંજે ડીસા દોડી આવેલા ભારત સરકારના મંત્રી હરિભાઈ ચૌધરીએ ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન

મગનલાલ માળી, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, અગ્રણી તબીબો ડો. સંજયભાઈ ગાંધી અને ડો. સી.કે.પટેલ, સુહાશભાઈ પટેલ, જીતુભાઈ ઠક્કર, સુભાષભાઈ ઠક્કર, પંકજભાઈ સોનેજી અને અતુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઓવરબ્રિજ સંઘર્ષ સમિતિના અગ્રણીઓ સાથે ચર્ચા કરી વિધાનસભા ચૂંટણીની આચાર સંહિતા સમાપ્ત થયા બાદ ડીસાના અગ્રણીઓની કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિનભાઈ ગડકરી સાથે બેઠક કરાવી ડીસા ની આ માંગણીને ન્યાય અપાવવાની બાંહેધરી આપી હતી. કેન્દ્રિય મંત્રી હરિભાઈ ચૌધરીની આવી જાહેર ખાતરી ના પગલે ડીસા શહેર ઓવરબ્રિજ સંઘર્ષ સમિતિનો રોષ પણ શાંત પડ્યો હતો અને મંત્રી હરિભાઈ ચૌધરીની ખાતરી બાદ આવતીકાલ શુક્રવારે ડીસા ખાતે ઓવરબ્રિજની માંગણીના સમર્થનમાં યોજાનારી રેલી સહિતના કાર્યક્રમો મોકૂફ રાખવાની જાહેરાત કરાઈ હતી. આ બેઠકમાં ઉપસ્થિત અગ્રણીઓએ પણ ડીસા ની વર્ષોજુની માંગણી સંતોષવાની મંત્રી હરિભાઈ ચૌધરીની તત્પરતા તેમજ કેન્દ્ર સરકારના વિકાસલક્ષી અભિગમ મૂકી આંદોલન સ્થગિત રાખવાની જાહેરાત કરી આ માંગણી વહેલી તકે સંતોષાય તે બાબત પર ખાસ ભાર મુક્યો હતો.



# હિંમતાનગરના મહામંદિર ચોકમાં આડેધડ પાર્ક થતા વાહનોથી પ્રજા પરેશાન

### સ્થાનિક વેપારીઓને ધંધો કરવામાં આંખે પાણી આવે છે

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં વર્ષોથી વાહન પાર્કીંગની સમસ્યાનો ઉકેલ વહીવટીતંત્ર લાવી શક્યુ નથી. પરંતુ દિન પ્રતિદિન તેમાં ઘણો વધારો થયો છે. ત્યારે હિંમતનગરના મુખ્ય વિસ્તારમાં આવેલ મહામંદિર ચોકની આજુબાજુ દિવસ ઉગતાની સાથે જ આડેધડ વાહનોનું પાર્કિંગ થઈ જાય છે. જેના કારણે આ વિસ્તારમાં રહેતા લોકોને તેમના ઘરમાંથી બહાર નિકળવાનુ મુશ્કેલ બની ગયુ છે. જે અંગે અનેક રજુઆતો કરવા છતાં અહિ પાર્ક થતા વાહનો ઉભા રાખવા માટે કોઈ વૈકલ્પીક વ્યવસ્થા કરાઈ નથી. જેના માટે વહીવટી અને પોલીસ તંત્ર જવાબદાર છે.

મહામંદિર ચોકમાં રોજબરોજ થતા આડેધડ વાહન પાર્કીંગથી ત્રસ્ત આવી ગયેલા લોકોના કહેવા મુજબ અહિ સવારથી લઈને મોડી રાત સુધી વાહનોના ખડકલાને કારણે અહિથી પસાર થતા રાહદારીઓ અને નાના વાહન ચાલકોને ખુબજ અગવડ વેઠવી પડી રહી છે. જે અંગે આ વિસ્તારના વેપારીઓ અને રહિશોએ અનેક વખત સંલગ્ન વિભાગના અધિકારીઓ સમક્ષ ઘા નાખી હોવા છતાં પરિણામ શૂન્ય મળ્યુ છે. ઘણી વખત અહિ આવેલી વાડીમાં કોઈ કાર્યક્રમ હોય ત્યારે તેમા ભાગ લેવા આવનાર લોકોને પણ વાહન પાર્ક કરવા માટે દૂર દૂર સુધી જવાની નોબત આવે છે ત્યારે વહીવટીતંત્રએ મહામંદિર ચોકમાં થતા આડેધડ પાર્કીંગ માટે વિકલ્પ શોધી કાઢવો જોઈએ.

ખાસ કરીને સોમવારથી શનિવાર સુધી વહેલી સવારથી મોડી રાત દરમ્યાન થતા વાહનોના ખડકલાને કારણે નાના ભુલકાઓ માટે પસાર થવુ મુશ્કેલ બની ગયુ છે. નજીકમાં આવેલી પ્રાથમિક શાળામાં ભણતા બાળકો રીષેશના સમયે જ્યારે અવર જવર કરે છે ત્યારે ચોકમાંથી પસાર થતા વાહન ચાલકો પણ અકસ્માત થવાની બીકને લઈને થોથવાઈ જાય છે. તે પાછળનું મુખ્ય કારણ કોઈ પણ રાહદારીને વાહનને લીધે ઈજા ન થાય તે માટે સાઈડમાં થવુ હોય તો પણ થઈ શકતા નથી. કારણ કે પાર્ક થયેલા વાહનોને કારણે અવરજવર કરવા માટે કોઈ જગ્યા બચતી નથી. શહેરમાં આડેધડ થતા પાર્કીંગને અટકાવવા માટે ટોઈંગ શાખાના કર્મચારીઓ જાણે કે મહામંદિર ચોકમાં આવતા કેમ ભય અનુભવે છે તે સમજાતુ નથી.

આ ટોઈંગ શાખાના કર્મચારીઓ રોજ સવાર પડે ને ટ્રેક્ટર લઈને ટાવર ચોક તથા બસ સ્ટેન્ડ વિસ્તારમાં ઉતરી પડે છે અને નાહકના ગુનેગાર ન હોય અને મજબુરીથી વાહન પાર્ક કર્યુ હોય ત્યારે ટોઈંગવાળા તેમના વાહન ઉપાડી જાય છે. જેના કારણે નાહકનો ચાંલ્લો કરવો પડે છે. જો ખરેખર ટોઈંગ શાખાના કર્મચારીઓમાં ફરજ નિષ્ઠા અને હિંમત હોય તો મહામંદિર ચોક તથા જુના બજારના વિસ્તારોમાં આવીને જે ટ્રાફીકની સમસ્યા છે તેને હલ કરવા માટે મદદરૂપ થવુ જોઈએ તે સમયની માંગ છે.



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામા વીજયી સરઘસ જેવો માહોલ વિધાનસભા ૨૯ સીટ ઉપર બીજેપીએ રમીલાબેન બારાને પોતાના પક્ષ ઉમેદવાર જાહેર કર્યા હતા જેને ગુરુવાર બપોરે મોટી સંખ્યામાં કાર્યકરો સાથે રેલી યોજી પ્રાંત અધિકારીને ઉમેદવારી પત્ર આપ્યુ હતું. બીજેપીના ઉમેદવાર રમીલાબેન બારાએ બસ સ્ટેશન વિસ્તારમાં ગોકુલધામ સોસાયટીમાં સવારે સભા યોજી હતી જેમો પોશીના, વિજયનગર, ખેડબ્રહ્મા તાલુકામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં ઉત્તરપ્રદેશના મંત્રી ડૉક્ટર મહેન્દ્રસિંહ, મહિલા અધ્યક્ષ ભાવનાબેન દવે, જે. ડી. પટેલ, સહીત મોટી સંખ્યામા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં કોંગ્રેસ પર ચાબખા માર્યા હતા ત્યાર બાદ રેલી સ્વરૂપે નીકળી પ્રાંત ઓફિસે પહોંચી હતી. જ્યાં પ્રાંત અધિકારી કૌશિક મોદીને આવેદન પત્ર આપ્યુ હતું.

# કેફી દ્રવ્યોની હેરાફેરી કરી વેચાણ કરતા ત્રણ શખ્સોને દસ વર્ષથી વધુની સજા

### ત્રણેય શખ્સો હિંમતનગરના કાંકણોલ પાસેથી કાર સાથે પકડાયા હતા

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર તાલુકાના કાંકણોલ પાસેથી પાંચ વર્ષ અગાઉ એક કારમાં કેફી દ્રવ્યોની હેરાફેરી કરી વેચાણ કરતા હતા ત્યારે તેમને હિંમતનગર પોલીસે ઝડપી લઈ જેલ હવાલે કરી દીધા હતા. જે અંગેનો કેસ હિંમતનગરની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધિશે આ ત્રણેયને નારકોટીક્સની કલમ મુજબ દસ વર્ષથી વધુની સજા દંડ ફટકાર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે વર્ષ ૨૦૧૨માં હિંમતનગર તાલુકાના કાંકણોલ પાસેથી મધ્યપ્રદેશના રાજુ નામના ઈસમનો સંપર્ક કરી રાજસ્થાનના ઈસરમંડ ગામના બજરંગ બંસીલાલ દમામી, તેજ ગામના નારાયણલાલ સુવાલાલજી કલાલ અને ભિલવાડા જિલ્લાના કરટા ગામના ભેરૂલાલ અણરાજી ગુર્જરે એકબીજાની મદદગારીથી ૩.૫ કિલો અફીણ લઈને કારમાં નાખી વેચવા નિકળ્યા હતા ત્યારે તેઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જે અંગે પોલીસે નારકોટીક્સ એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

ત્યારબાદ આ કેસ બે દિવસ અગાઉ હિંમતનગરની બીજી કોર્ટના અધિક ન્યાયાધિશ કુમારી ભુવી સુરેશભાઈ શાહની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધિશે સરકારી વકીલ વસંતભાઈ મહેતાની દલીલોને ગ્રાહ્ય રાખી હતી અને નારકોટીક્સના ગુનામાં પકડાયેલ બજરંગ દમામીને ૧૦ વર્ષની સજા તથા રૂ. ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. તેમજ નારાયણલાલ કલાલ અને ભેરૂલાલ ગુર્જરને ૧૨ વર્ષની સજા તથા બન્નેને રૂ. ૧ લાખના દંડની સજા કરી હતી. જો તેઓ દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કર્યો છે.

#### દેવ દરબાર જાગીર મઠના મહંત ૧૦૦૮ બળદેવનાથ

# પાકિસ્તાનના અમરકોટની જાત્રા કરી પરત ફરતા રાજપૂત સમાજ દ્વારા કરાયુ સન્માન

કાંકરેજ, તા. ૨૩

કાંકરેજ તાલુકાના દેવદરબાર જાગીર મઠ મહંત ૧૦૦૮ શ્રી બળદેવનાથજી બાપુ ૨૧ દિવસ સુધી પાકિસ્તાનના અમરકોટ ખાતે આવેલ રાજવી પરિવારના મહેમાન બન્યા હતા. જ્યાં શેરસિંહ રાણા પરિવારે ઉષ્માભર્યુ સ્વાગત કરી સિંધ દેશમાં આવેલ માતા હિંગળાજના દર્શન કર્યા હતા અને ૨૧ દિવસ બાદ ગુજરાતમાં પરત ફરતા પાલનપુર આવ્યા જ્યાં મુડેઠા ટોલનાકા ઉપર કાંકરેજ રાજપૂત સમાજ દ્વારા સન્માન કરાયું હતું. ખીમાણા, શિહોરી, આકોલી સહિત દિયોદરમાં બળદેવનાથ બાપુના આશિર્વાદ લઈ રાજપૂત સમાજે સ્વાગત કર્યુ હતુ. આમ રિદ્ધિ-સિદ્ધિ એક સમયે મા હિંગળાજ પાસે ઓગડનાથ ગયા હતા. જ્યાં બળદેવનાથ બાપુ પાકિસ્તાનના સિંધમાં જઈ પરત ફરતા રાજપૂત સમાજે સન્માન કર્યુ હતું.



## મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક પર ભીખુસિંહ પરમારે શક્તિ પ્રદર્શન રેલી સાથે ફોર્મ ભર્યુ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક માટે આગામી ૧૪ ડિસેમ્બરે યોજાનારી વિધાસભાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમારે ગુરુવારે મોડાસાના માલપુર રોડ પર આવેલા બાલાજી કોમ્પ્લેક્સ નજીક કેન્દ્રીય મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા પુરષોત્તમ રૂપાલા અને હર્ષદગીરી ગોશ્વમી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને અન્ય ભાજપના જિલ્લાના અગ્રણીઓ અને કાર્યકરોની ઉપસ્થિતિમાં સભાને સંબોધી રેલી સ્વરૂપે પદયાત્રા અરવલ્લી જિલ્લા સેવાસદન સુધી યોજી શક્તિ પ્રદર્શન સાથે કલેકટર કચેરીએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું.

## પ્રચારમાં આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપના કાર્યકરો-આગેવાનો આ સભાઓમાં જોડાશે. તા. ૨૬મીએ સાંજથી ભાજપના સ્ટાર પ્રચારકો રાજનાથસિંહ, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, ઉમા ભારતી, શિવરાજસિંહ ચૌહાણ, યોગી આદિત્યનાથ, વસુંધરારાજે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, હેમામાલિની, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતના નેતાઓ ગુજરાતભરના વિવિધ જિલ્લા-તાલુકાઓ ઘમરોળશે અને ગુજરાતની પ્રજાને જાહેરસભા સંબોધી ભાજપનો પ્રચાર-પ્રસાર કરશે. ભાજપના પ્રભારી ભૂપેન્દ્રભાઈ યાદવે કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા ગુજરાત વિકાસની હાંસી ઉડાવાય છે કારણ કે, કોંગ્રેસમાં હતાશા છવાઈ ગઈ છે. સોશ્યલ મીડિયાનો કોંગ્રેસ દૂરપયોગ કરી રહી છે. પરંતુ આ વખતે વિકાસવાદ વિરૂધ્ધ વંશવાદ વચ્ચેની લડાઈ છે અને તેમાં વિકાસવાદની જીત થવાની છે. આ એ જ કોંગ્રેસ છે જેણે તેના શાસન દરમ્યાન ૫૦ વર્ષ સુધી નર્મદા યોજના પૂરી થવા દીધી ન હતી. આ પ્રસંગે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, પ્રદેશ પ્રવકતા ડો.જગદીશ ભાવસાર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.મોદી જુદા જુદા વિસ્તારોમાં પ્રચાર કરનાર છે. પાટીદારોના ગઢમાં પણ પ્રચાર કરનાર છે. મોદી ૨૭મી નવેમ્બરના દિવસે ભુજ, અમરેલી, વાપી અને કામરેજમાં રેલી કરનાર છે. ૨૯મી નવેમ્બરના દિવસે નવસારી, ભરુચ, જુનાગઢ અને ભાવનગરમાં રેલી કરનાર છે. ત્રીજી ડિસેમ્બરના દિવસે મોરબી, સોમનાથના પ્રાચી, પાલિતાણા અને નવસારીમાં પ્રચાર કરશે. ત્યારબાદ ચોથી ડિસેમ્બરના દિવસે રાજ્યના પ્રવાસે આવશે. સમગ્ર કાર્યક્રમની ખાસ વિશેષતા એ છે કે મોદી સૌરાષ્ટ્રમાં ૧૧ રેલી કરનાર છે. દક્ષિણ ગુજરાતમાં ચાર રેલી કરનાર છે. આ તમામ વિસ્તારોમાં પાટીદાર સમુદાયના લોકો સૌથી વધારે રહે છે. દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને સુરતમાં જીએસટીને લઈને મોટા પાયે વિરોધ પ્રદર્શન થયા હતા. વેપારીઓને પોતાની તરફેણમાં કરવામાં ખુબ મુશ્કેલી પડી રહી છે.

## અંકુશ રેખા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં ભારતીય સેનાએ ત્રાસવાદીઓ સામે જોરદાર કાર્યવાહી જારી રાખી છે. ત્રાસવાદીઓને પાકિસ્તાનની સહાય અંગે પુછવામાં આવતા લેફ્ટી. જનરલ સિંહે કહ્યુ હતુ કે આ બાબત તમામ લોકો સારી રીતે જાણે છે કે પડોશી દેશ શસ્ત્ર આપીને ત્રાસવાદીઓને મદદ કરે છે. બુધવારનમા દિવસે જ સેનાએ જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા નજીક કેરન સેકટરમાં ત્રાસવાદીઓની ઘુસણખોરીની મોટી યોજનાને નિષ્ફળ બનાવી દીધી હતી. જેમાં એક ત્રાસવાદી ઠાર પણ થયો હતો. સુરક્ષા દળોએ આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં હજુ સુધી વ્યાપક ઓપરેશન હાથ ધરીને ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. જમ્મુ કાશ્મીરના વાતાવરણમાં આના કારણે સુધારો થયો છે. સમાજમાં ખોટી ધારણાઓને દૂર કરવા અને મંત્રણા માટે ખાસ પ્રતિનિધિની નિમણૂંક કરવાનો મતલબ એ નથી કે સરકાર ત્રાસવાદીઓ સામે હળવું વલણ અપનાવશે. જમ્મુ કાશ્મીરમાં કાયદાનું શાસન સ્થાપિત કરવા માટે ત્રાસવાદીઓ સામે કઠોર પગલા જારી રહેશે. ત્રાસવાદીઓ સામે વધુ કઠોર પગલા લેવામાં આવે.

## લાલઘૂમ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાફીઝ સઈદને જાન્યુઆરીથી લઈને હજુ સુધી તેના ઘરમાં જ નજરકેદમાં રાખવામાં આવ્યો હતો. હાફીઝની નજરબંધીને ત્રણ મહિના સુધી વધારી દેવા માટેની સરકારની અપીલને સમીક્ષા બોર્ડે ગઈકાલે ફગાવી દીધી હતી. ગયા મહિને બોર્ડે સઈદની નજરબંધીને ૩૦ દિવસ માટે વધારી દેવાનો નિર્ણય કર્યો હતો. હવે ન્યાયિક બોર્ડના બુધવારના આદેશ બાદ હાફીઝ સઈદની મુક્તિ માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ બોર્ડમાં લાહોર હાઈકોર્ટના પણ કેટલાક જજ સામેલ રહ્યા છે. આ ચુકાદો એવા સમયે આવ્યો છે જ્યારે એક દિવસ પહેલા જ પાકિસ્તાનની પંજાબ સરકારે સઈદને ન્યાયિક સમીક્ષા બોર્ડની સમક્ષ રજૂ કરી શકે છે. તેની નજરબંધીને ત્રણ મહિના સુધી વધારવાની પણ માંગણી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે, સઈદને નજરબંધી મુક્ત કરવામાં આવશે તો પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે. ૩૧મી જાન્યુઆરીના દિવસે સઈદ અને તેના ચાર સાગરિતો અબ્દુલ્લા ઉબેદ, મલિક ઝફર, અબ્દુલ રહેમાન અને કાઝી હુસૈનને પંજાબ સરકાર દ્વારા અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા અને એન્ટ ટેરેરિઝમ એક્ટ હેઠળ ૯૦ દિવસ માટે અટકાયત કરી હતી. સરકાર જુદા જુદા આરોપસર ત્રણ મહિના સુધી કોઈ આરોપીને અટકાયતમાં લઈ શકે છે પરંતુ અટકાયતને લંબાવવા માટે રિવ્યૂ બોર્ડની મંજુરી લેવી પડશે. ભારત અને અમેરિકા તરફથી દબાણ વધારી દેવામાં આવ્યા બાદ તેને અટકાયતમાં રાખવાનો નિર્ણય કરવામાં આવી શકે છે. અમેરિકાએ સઈદ ઉપર ૧૦ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યુ છે.